દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
શનિવાર ૨૩ મે, ૨૦૨૬

# યુવાવર્ગના આક્રોશનું પરિણામ કોકરોચ જનતા પાર્ટી રાજનેતાઓ સામે લાલબત્તી છે

જ્યારે જનતામાં અસંતોષ કે આક્રોશ હોય તો તે ગમે તે રીતે વિસ્ફોટક બને જ છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસની ટિપ્પણી બાદ આખા દેશમાં જે રીતે કોકરોચ જનતા પાર્ટીના નામે ટ્રેન્ડ શરૂ થયો છે તે ખતરનાક છે. આ ડિજિટલ ચલવળ છે. સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા જગાવનાર 'કોકરોચ જનતા પાર્ટી' માત્ર એક મજાક, મીમ કે વાયરલ ટ્રેન્ડ નથી. વાસ્તવમાં તે દેશના શિક્ષિત બેરોજગાર યુવાનોની વર્તમાન વ્યવસ્થા પ્રત્યેની ઊંડી હતાશા, આક્રોશ અને વ્યવસ્થા પરિવર્તનની માંગનું એક જીવંત અને આધુનિક પ્રતીક છે. આ ઘટના ભારતીય રાજકારણમાં 'મીમ-પોલિટિક્સ' ના એક નવા અને ગંભીર યુગની શરૂઆત તરફ ઈશારો કરે છે. કોઈપણ લોકશાહી દેશમાં જ્યારે મુખ્ય પ્રવાહના રાજકીય પક્ષો જનતાના મૂળભૂત મુદ્દાઓ જેવા કે રોજગારી, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને પારદર્શક પરીક્ષા પદ્ધતિ પર નક્કર પરિણામો આપવામાં નિષ્ફળ જાય છે, ત્યારે આવા બિન-પરંપરાગત આંદોલનો જન્મ લે છે.કોકરોચ જનતા પાર્ટીએ હાલમાં ચાલી રહેલા NEET પરીક્ષા પેપર લીક વિવાદ અને CBSE રિચેકિંગ ફી જેવા વિદ્યાર્થીઓને સીધી અસર કરતા ગંભીર મુદ્દાઓ પર સોશિયલ મીડિયાના માધ્યમથી જોરદાર અવાજ ઉઠાવ્યો છે. પેપર લીક થવાને કારણે વર્ષો સુધી તનતોડ મહેનત કરનારા લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય ધૂંધળું બની જાય છે. જ્યારે ન્યાય માંગવા જઈએ ત્યારે ફીના નામે આર્થિક બોજ નાખવામાં આવે છે. આવા સમયે શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ અને સિસ્ટમની ભૂલોનું નુકસાન વિદ્યાર્થીઓએ કેમ ભોગવવું પડે તેવા તીખા સવાલો સરકારી તંત્રની જવાબદારી સામે આંગળી ચીંધે છે. પરંપરાગત રીતે ભારતમાં વિરોધ પ્રદર્શનો રસ્તાઓ પર ઉતરીને, ચક્કાજામ કરીને કે રેલીઓ યોજીને કરવામાં આવતા હતા. પરંતુ 'કોકરોચ જનતા પાર્ટી' એ બતાવી દીધું છે કે વર્તમાન સમયનો યુવા વર્ગ ડિજિટલ હથિયારોનો ઉપયોગ કરવામાં કેટલો સક્ષમ છે. આ પક્ષના સ્થાપક અભિજિત દીપકે સ્પષ્ટ કર્યું છે કે આ ચળવળ ક્યારેય હિંસક સ્વરૂપ ધારણ નહીં કરે. આજના યુવાનો અપેક્ષા કરતાં વધુ પરિપક્વ, શિક્ષિત અને પોતાના બંધારણીય અધિકારોથી વાકેફ છે. તેઓ શાંતિપૂર્ણ અને લોકશાહી ઢબે પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે. યુવાનો પાસેથી રાષ્ટ્રવ્યાપી પહેલ અંતર્ગત સૂચનો અને વિચારો મંગાવવાનો પક્ષનો નિર્ણય એ દર્શાવે છે કે તેઓ ભવિષ્યના રાજકારણને એક નવો, સમાનતાવાદી આકાર આપવા માંગે છે. જ્યાં સામાન્ય નાગરિકની વાત માત્ર સાંભળવામાં ન આવે, પરંતુ તેને નીતિ-નિર્ધારણમાં સ્થાન પણ મળે. જોકે, ડિજિટલ ચળવળ હોવી અને રસ્તા પર આંદોલન કે રાજકીય પક્ષ તરીકે ચાલવું તેમાં આસમાન-જમીનનો ફરક છે. રાજકીય પક્ષ બનવા માટે મજબૂત સંગઠનાત્મક માળખું, વિરાટ આર્થિક સંસાધનો અને ઇન્ટરનેટથી દૂર રહેતા ગ્રામીણ તથા વડીલ વર્ગ સુધી પહોંચવું અનિવાર્ય છે. જો સરકારી તંત્ર, ન્યાયતંત્ર અને શિક્ષણ વ્યવસ્થામાં સમયસર સુધારો કરવામાં નહીં આવે અને દેશના ભવિષ્ય સમાન યુવાનોને રોજગારી તેમજ ન્યાય નહીં મળે, તો ભવિષ્યમાં આવા ડિજિટલ મોરચાઓ શાસકોની ઊંઘ હરામ કરવા માટે પૂરતા સાબિત થશે. લોકશાહીની સુંદરતા જ એ છે કે તેમાં વિરોધ પ્રદર્શિત કરવાના નવા ફોર્મેટ સતત વિકસતા રહે છે, અને 'કોકરોચ જનતા પાર્ટી' તેનો જ એક આધુનિક, ધારદાર અને વિચારવા મજબૂર કરતો હિસ્સો છે. જો કે, આ પક્ષ સત્તાવાર બને કે ન બને, તેણે દેશના શાસક પક્ષ અને વિપક્ષ બંને માટે એક સખત ચેતવણીરૂપ સંદેશ ચોક્કસ આપ્યો છે. રાજકીય નેતાઓએ હવે એ સમજવું જ પડશે કે યુવાનોના આક્રોશને હવે લાંબા સમય સુધી નજરઅંદાજ કરી શકાય તેમ નથી. સોશિયલ મીડિયાના આ યુગમાં યુવાનોને ધર્મ, જ્ઞાતિ કે પ્રાદેશિકતાના નામે કાયમ ભટકાવી શકાશે નહીં. જો નેતાઓ નહીં સમજે તો ભવિષ્યમાં ડિજિટલ ચળવળ રાજકારણીઓ સામેની ચળવળ બની જશે અને નેતાઓએ ભાગવું પડશે તે નક્કી છે.

# પાકિસ્તાન સાથે શાંતિ વાર્તા માટે RSSની હાકલથી સૌ આશ્ચર્યમાં

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS), જે શાસક ભારતીય જનતા પાર્ટી (BJP)ના માર્ગદર્શક અને મજબૂત નાળ સમાન જોડાણ ધરાવે છે, તે પાકિસ્તાન સાથે શાંતિ પ્રયાસોની વકીલાત કરી રહ્યું છે! અને તે પણ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં એપ્રિલ 2025ના આતંકવાદી હુમલાના જવાબમાં ભારતીય સશસ્ત્ર દળો દ્વારા 'ઓપરેશન સિંદૂર' શરૂ કરાયાના એક વર્ષ પછી. પહલગામ હુમલામાં 26 નિર્દોષ નાગરિકો અને પ્રવાસીઓએ જીવ ગુમાવ્યા હતા. કટ્ટરપંથી અને પાકિસ્તાન-વિરોધી (વાંચો મુસ્લિમ-વિરોધી) નરેન્દ્ર મોદી શાસનની નજરમાં આ વાત અવિશ્વસનીય લાગી શકે છે, જેમણે ઈસ્લામાબાદ સામે - ઓછામાં ઓછું રાજકીય લાભ ખાટવા માટે - ત્યારથી જ આક્રમક વલણ અપનાવ્યું છે જ્યારથી પીએમ મોદીએ 2014માં તેમના શપથ ગ્રહણ સમારોહમાં પાકિસ્તાનના તત્કાલીન વડા પ્રધાન નવાઝ શરીફને આમંત્રિત કરીને શાંતિનો હાથ લંબાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. અને પાછળથી શરીફના નિવાસસ્થાને એક કૌટુંબિક કાર્યક્રમમાં હાજરી આપવા માટે લાહોરની અચાનક, બિન-આયોજિત પણ ચોક્કસપણે અણધારી મુલાકાત લીધી હતી.

બાર વર્ષ વીતી ગયા છે પરંતુ 2014ની લોકસભા ચૂંટણી પ્રચારમાં દરેક વ્યક્તિ જોઈ શકે તેવી અતિ-રાષ્ટ્રવાદ અને હિન્દુત્વ પર આધારિત તેમની કટ્ટર છબીની વિરુદ્ધ જઈને મોદીને પાકિસ્તાનની મુલાકાત લેવાની સલાહ કોણે આપી હતી, તેની અંદરની વાર્તા હજુ સુધી પ્રકાશમાં આવી નથી. અથવા તેના માટેનો સમય કોણે નક્કી કર્યો હતો. તેણે ભાજપને ચોક્કસપણે ચૂંટણીલક્ષી ફાયદો કરાવ્યો કારણ કે તેણે આ કટ્ટર વલણ પર સવાર થઈને ચૂંટણીઓમાં શ્રેણીબદ્ધ વિજય મેળવ્યા. તેમ છતાં, તે એક આવકારદાયક પગલું હતું. તેણે એ હકીકતને રેખાંકિત કરી કે સંવાદનો કોઈ વિકલ્પ નથી. એકમાત્ર મુદ્દો એ છે કે શાંતિ વાર્તા કેવી રીતે અને ક્યારે યોજવી.તેથી, RSSના મહાસચિવ દત્તાત્રેય હોસબોલેની પાકિસ્તાન સાથે શાંતિ વાર્તા માટેની તાજેતરની અપીલે સમગ્ર સંઘ પરિવારના એક મોટા વર્ગ અને ભાજપના કટ્ટર હિન્દુત્વ સમર્થક આધાર સહિત દરેકને આશ્ચર્યમાં મૂકી દીધા છે. આનાથી એવા પ્રશ્નો ઉભા થયા છે કે શું આ પગલું RSS નું પોતાનું છે કે નરેન્દ્ર મોદી શાસનના ઈશારે કરવામાં આવ્યું છે? અથવા વધુ મહત્ત્વનું એ છે કે, શું RSS કોઈ બાહ્ય દબાણ, દેખીતી રીતે હોસબોલેના નિવેદન સાથે કેટલીક રસપ્રદ બાબતો જોડાયેલી છે. તેને પૂર્વ આર્મી ચીફ જનરલ એમ એમ નરવણેના શબ્દોમાં તાત્કાલિક સમર્થન મળ્યું, જેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે સંચાર અને લોકો-તથા-લોકો વચ્ચેના સંબંધો જાળવી રાખવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. બંને પક્ષોના સામાન્ય નાગરિકો સમાન રોજિંદી ચિંતાઓ અને આકાંક્ષાઓ ધરાવે છે, તેમ કહીને તેમણે RSS ના પગલાને બળ આપ્યું હતું. તેમ છતાં, આ જ સમય દરમિયાન પાકિસ્તાન સાથેની સરહદ પાર બીજી એક મહત્વપૂર્ણ અને સંબંધિત ઘટના બની છે, જેમાં લાહોરના કેટલાક સ્થળોના નામ બદલીને તેમના ઐતિહાસિક હિન્દુ, શીખ, જૈન અને બ્રિટિશ વસાહતી કાળના મૂળ નામો રાખવાનો નિર્ણય લેવાયો છે. આ કામ એક વિશાળ લાહોર હેરિટેજ એરિયાઝ રિવાઈવલ પ્રોજેક્ટના ઓઠા હેઠળ કરવામાં આવ્યું છે. જો હોસબોલેની પાકિસ્તાન સાથે શાંતિ વાર્તા માટેની હાકલ અને પૂર્વ આર્મી ચીફ સિવાય અન્ય કોઈ દ્વારા તેનું સમર્થન ખૂબ મહત્વ ધરાવે છે, ખાસ કરીને કારણ કે તેને કેન્દ્ર તરફથી મૌન સમર્થન મળ્યું છે, તો લાહોરના કેટલાક વિસ્તારોની જૂની ઓળખ પુનઃસ્થાપિત કરવી તે પણ એટલું જ મહત્વનું છે. આ વિસ્તારોમાં હિન્દુ, શીખ અને જૈન ધર્મ (બીજી બાજુના વિરોધ છતાં RSS આને વ્યાપક હિન્દુ ધર્મનો એક ભાગ માને છે) સંબંધિત કેટલાક સ્થળોનો સમાવેશ થતો હોવાથી, પાકિસ્તાની સત્તાવાળાઓએ કદાચ RSS ના સમર્થનથી ભાજપ દ્વારા જોરશોરથી ચલાવવામાં આવતા ધાર્મિક એજન્ડાને સંતોષવા માટે આ કર્યું છે, જેથી સંઘને એક સીડી મળી રહે. ચોક્કસપણે, જો RSS ને 1947ના ભાગલા પછીની લાગણીઓનો લાભ ઉઠાવીને પોતાને સ્થાપિત કરવા માટે ફળદ્રુપ જમીન મળી હોય અને તેણે હંમેશા પાકિસ્તાન સામે કટ્ટર વલણ અપનાવ્યું હોય અને સરહદની બીજી બાજુએ ઈસ્લામી ઉગ્રવાદી તત્વો દ્વારા આવી જ વિપરીત ભૂમિકા ભજવવામાં આવી હોય, અને હવે જો તે શાંતિ પહેલની શરૂઆત કરે છે, તો તેનું મહત્વ કોઈ પણ વ્યક્તિ સમજી શકે છે. શું આ પાકિસ્તાન પ્રત્યે સંઘ પરિવાર-નરેન્દ્ર મોદી સરકારના દ્રષ્ટિકોણમાં મોટા માળખાકીય ફેરફાર (ટેક્ટોનિક શિફ્ટ) ને દર્શાવે છે? ઈસ્લામાબાદ સાથે શાંતિ વાર્તા માટેની આ

## રાજધાનીના અંતરંગ

### અનિલ આનંદ

**શું આ પાકિસ્તાન પ્રત્યે સંઘ પરિવાર-નરેન્દ્ર મોદી સરકારના દ્રષ્ટિકોણમાં મોટા માળખાકીય ફેરફાર (ટેક્ટોનિક શિફ્ટ) ને દર્શાવે છે?**

અચાનક ઝંખના પાછળનું કારણ શું છે, અને કટ્ટર ભારત-વિરોધી અને હિન્દુ-વિરોધી ભાવનાઓને પોષવામાં તેના વ્યવસ્થિત પતન પછી હિન્દુ-શીખ-જૈન વિરાસત માટે પાકિસ્તાનના વર્તમાન શાસનનો આ અચાનક પ્રેમ કેમ જાગ્યો છે? ભૂતકાળનો ઈતિહાસ દર્શાવે છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધો પછીના યુદ્ધવિરામ સહિતનો કોઈ પણ શાંતિ પ્રયાસ બાહ્ય દબાણ અથવા મધ્યસ્થતા વિના થયો નથી. એવું વિચારવું નાદાની ગણાશે કે નરેન્દ્ર મોદી સરકાર માટે કામ કરવાનો માર્ગ મોકળો કરવા માટે RSS એ પોતાની મેળે કામ કર્યું છે, જેનાથી સંઘ પરિવાર અને કેન્દ્ર સરકારની કટ્ટર છબી દૂર થાય છે. આવું કરીને RSS એ વડાપ્રધાન શ્રી મોદીના ખભા પરથી માત્ર બોજ જ ઓછો કર્યો નથી, પરંતુ તેમના માટે શાંતિ પ્રયાસો શરૂ કરવાનો સુરક્ષિત માર્ગ પણ ખોલી આપ્યો છે.

એ હકીકત હોવા છતાં કે મોદીએ, પોતાના પ્રભુત્વ દ્વારા, એવી પરિસ્થિતિ ઊભી કરી છે જ્યાં RSS ને તેમની જેટલી જરૂર છે તેના કરતાં તેમને RSS ની જરૂર ઓછી છે, પાકિસ્તાન સાથે શાંતિ-વાર્તા જેવા સંવેદનશીલ મુદ્દા પર સંઘનું સાથે આવવું તેમના માટે ખૂબ જ મહત્વપૂર્ણ વ્યૂહાત્મક પગલું છે. આ શરૂઆતની ક્ષણો છે. પાકિસ્તાન સાથે શાંતિ માટે શ્રી હોસબોલેની વકીલાત અથવા લાહોરમાં ખાસ કરીને હિન્દુઓ, જૈનો અને શીખોના જૂના પ્રતીકોની પુનઃસ્થાપના જે પાકિસ્તાનમાં અન્યત્ર પણ અનુસરવામાં આવશે, તે ખરેખર કેવી રીતે આગળ વધશે અને શાંતિ વાર્તા માટે પ્લેટફોર્મ તૈયાર કરશે, તે ખૂબ જ ઉત્સુકતાથી જોવામાં આવશે.

1947થી તમામ વડા પ્રધાનો, જેમાં મોદી પણ સામેલ છે, તેમણે પાકિસ્તાન સાથે શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે પહેલ કરી હતી. વાસ્તવમાં, તેઓ તેમની કટ્ટર વૈચારિક માન્યતાઓ અને હિન્દુત્વ આધારિત રાજનીતિની પૃષ્ઠભૂમિમાં, પાકિસ્તાનની મુલાકાત લેવા માટે એક ડગલું આગળ વધ્યા, જે તેમના પુરોગામીઓમાંથી ઘણાએ કાં તો ટાળ્યું હતું અથવા તો તેમને તેમ કરવાની તક મળી ન હતી. આ બાબત ઉપખંડના વ્યૂહાત્મક સ્થાન અને મહાસત્તાઓ એટલે કે યુએસએ, ચીન અને રશિયાના સતત વધી રહેલા હિતોને જોતાં ભારત અને પાકિસ્તાન વચ્ચે શાંતિની આવશ્યકતા વિશે ઘણું બધું કહી જાય છે. આનો અર્થ એ નથી કે જો પાકિસ્તાન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ ગેરસમજ કે સાહસ કરશે તો આક્રમક વલણ (હોટ-પર્સ્યુટ) એક વિકલ્પ તરીકે નહીં રહે. "તમે મિત્રો બદલી શકો છો, પણ પડોશીઓ નહીં." પૂર્વ વડાપ્રધાન વાજપેયીના આ સુવર્ણ શબ્દો મહત્વ ધરાવે છે અને પાકિસ્તાન સાથેના ભવિષ્યના કોઈપણ શાંતિ પ્રયાસોમાં તે મૂળભૂત હોવા જોઈએ. બીજી બાજુએ (પાકિસ્તાને) પણ સમજવું જ પડશે કે તાળી બંને હાથે વાગે છે અને પાકિસ્તાને પોતાની વિશ્વસનીયતા સ્થાપિત કરવા માટે હજુ ઘણું બધું કરવાનું બાકી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## મગરનો મોક્ષ કેમ?

એક વાર નારદજી વૈકુંઠમાં પ્રભુ નારાયણ પાસે ગયા અને નારાયણ નારાયણ કરીને પ્રભુને પ્રણામ કર્યા.પછી નારદજીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે, ''પ્રભુ, મારે જાણવું છે કે તમે ક્યા ભક્તની મદદ કરવા તરત દોડી જાવ છો?'' ભગવાન વિષ્ણુ મર્માળું હસ્યા અને બોલ્યા, ''હું તો મારા દરેક સાચા ભક્તની મદદ કરવા દોડી જાઉં છું, જે મને સાચા દિલથી પોકારે હું તેની મદદ કરું જ છું.'' નારદજી બોલ્યા, ''પ્રભુ મારા મનમાં હજી એક મુંઝવણ છે. ઘણો વિચાર કરતાં મને તેનો જવાબ મળતો નથી''.ભગવાન વિષ્ણુ બોલ્યા, ''દેવર્ષિ, મને ખબર છે તમને શું મૂંઝવણ છે છતાં તમે પૂછો..'' નારદજી બોલ્યા, ''પ્રભુ, જયારે ગજરાજ નદીમાં પાણી પીવા જાય છે અને નદીમાં મગર તેનો પગ પકડી લઇ તેની પર હુમલો કરે છે ત્યારે પહેલાં ઘણા ગજગ્રાહના પ્રયત્ન કરી હાથી પોતાનો પગ મગરના મુખમાંથી છોડાવવા મથે છે પણ તે સફળ થતો નથી અને અંતે થાકી હારીને સૂંઢમાં એક કમળ લઈને તમે પોકારે છે અને બચાવવા માટે આરાધના કરે છે



ત્યારે તેનો એક પોકાર સાંભળતાં જ તમે તેની પાસે દોડી જાઓ છો અને તેને બચાવો છો.તેની ગજેન્દ્ર મોક્ષ સ્તુતિ સાંભળી તમે પ્રસન્ન થઈને તેને મોક્ષ પ્રદાન કરો છો અને સાથે સાથે પેલા મગરને પણ મોક્ષની ગતિ આપો છો''. ભગવાન હસતાં હસતાં બોલ્યા, ''હા બરાબર..'' નારદજી બોલ્યા, ''પ્રભુ, અહીં મને પ્રશ્ન થાય છે કે મગરે તો ગજરાજ પર હુમલો કર્યો હતો.અન્ય પ્રાણીને પરેશાન કરવું, તેની પર હુમલો કરવો તો એક ખોટું કામ છે. તેણે ખરાબ અને ખોટું કામ કર્યું હતું. તેને તો સજા મળવી જોઈએ પણ તમે તો તેને પણ મોક્ષ ગતિ આપી. આમ શું કામ પ્રભુ?'' ભગવાન વિષ્ણુ મરક મરક હસતાં બોલ્યા, ''દેવર્ષિ, આ મારા ભક્તની ભક્તિનો પ્રતાપ છે.જે ભક્ત મારી સાચી ભક્તિ કરે છે તેનો હું ઉધ્ધાર કરું જ છું પણ જે મારા ભક્તનાં ચરણ પકડે છે, હું તેનો પણ ઉધ્ધાર કરવા બંધાયેલો છું.મગરે ભલે હાથી પર હુમલો કરવા તેનો પગ પકડ્યો હતો...પણ જયારે હાથી મારી સ્તુતિ કરતો હતો ત્યારે તેણે મારા ભક્તનાં ચરણ પકડી રાખ્યાં હતાં. એટલે મારા ભક્તના ચરણમાં રહેનારની પરમ ગતિ કરવી મારું કર્તવ્ય બની જાય છે એટલે મેં મારા ભક્ત ગજરાજની સાથે તેનાં ચરણ પકડી રાખનાર મગરને પણ મોક્ષ પ્રદાન કર્યો.'' નારદજીએ નારાયણ નારાયણ બોલી પ્રભુના ચરણસ્પર્શ કર્યા. ભક્તના ભક્ત બની સેવા કરવાથી પણ પ્રભુકૃપા પ્રાપ્ત થાય છે.

ચાર્જિંગ પોઇન્ટ
હેતા ભૂષણ

# રાજકીય ગરિમા વિરુદ્ધ સિસ્ટમ સામેનો કટાક્ષ: લોકશાહીની બદલાતી તસવીર

લોકશાહીમાં વૈચારિક મતભેદો હોવા છતાં એકબીજા પ્રત્યે આદર અને સૌહાર્દ જળવાઈ રહે એ આવશ્યક ગણાય પણ આજના રાજકારણમાં આ વાતની બાદબાકી થઇ ગઈ છે. આવી સ્થિતિમાં સત્તાનું હસ્તાંતરણ થાય અને વિપક્ષની સાથે 'રાજકીય ગરિમા' કે 'સંસદીય શિષ્ટાચાર' જળવાય ત્યારે એમ લાગે કે આ જ સાચી લોકશાહી છે.

શપથવિધિ પછી વિરોધી પક્ષના વરિષ્ઠ નેતાઓને મળવું, તેમના આશીર્વાદ લેવા કે ચૂંટણી પૂરી થતાં જ પર્સનલ દુશ્મનાવટ ભૂલી જવી-આવા કિસ્સા ભારતીય રાજકારણમાં જ્યારે પણ બન્યા છે ત્યારે લોકશાહીની ગરિમા વધી છે.

આ પરિસ્થિતિને અલગ-અલગ રાજ્યોના સંદર્ભમાં અને રાજકીય સંસ્કૃતિના ચશ્માંથી સમજીએઃ

કેરળમાં સત્તાપરિવર્તન થયું. કોંગ્રેસના નેતા વી. ડી. સતીશન મુખ્યમંત્રી બન્યા અને એમની શપથવિધિમાં પૂર્વ મુખ્યમંત્રી પી. વિજયન અને વિપક્ષી નેતાઓ હાજર રહ્યા. કેરળમાં દાયકાઓથી ડાબેરીઓ અને કોંગ્રેસ ગઠબંધન વચ્ચે સત્તાની અદલાબદલી થતી રહી છે. ત્યાં વૈચારિક લડાઈ ખૂબ જ ઉગ્ર હોય છે, પરંતુ ચૂંટણી પૂરી થતાં જ નેતાઓ એકબીજાના કાર્યક્રમોમાં હાજરી આપે છે, ચા-પાણી પીએ છે અને ગૃહમાં પણ સભાનતાપૂર્વક વર્તે છે. તેને 'કેરળની રાજકીય પ્રૌઢતા' કહેવાય છે.

મુખ્ય મંત્રીપદના શપથ લીધાના ગણતરીના દિવસોમાં જ વિજયે પૂર્વ મુખ્યમંત્રી અને ડીએમકે વડા એમ. કે. સ્ટાલિનની રૂબરૂ મુલાકાત લીધી. ચૂંટણી પ્રચાર દરમિયાન બંને પક્ષો વચ્ચે આકરા શાબ્દિક પ્રહારો થયા હોવા છતાં, ચૂંટણી પૂરી થતાં જ વિજયનું સ્ટાલિનને મળવા જવું એ તામિલનાડુના ઈતિહાસમાં એક બહુ મોટી અને સકારાત્મક ઘટના છે. બીજા વિપક્ષી નેતાને પણ એ મળ્યા. બંગાળનું રાજકારણ હંમેશાંથી અત્યંત હિંસક અને પર્સનલ રહ્યું છે. ત્યાં પક્ષો વચ્ચે માત્ર વૈચારિક મતભેદ નથી હોતા, પણ 'કાં તો તમે કાં તો અમે' જેવી પરિસ્થિતિ હોય છે. તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપ વચ્ચેની લડાઈ એટલી હદ સુધી વ્યક્તિગત સ્તરે પહોંચી ગઈ છે કે બંને પક્ષો એકબીજાને લોકશાહીના ભાગ તરીકે સ્વીકારવા જ તૈયાર નથી હોતા. ભાજપ આ મુદ્દે નવો ચીલો પાડી શક્યો હોત પણ એ કમનસીબે ના બન્યું.

કેન્દ્રના રાજકારણમાં પણ આવા કિસ્સા બન્યા છે. ૧૯૯૬ની લોકસભા ચૂંટણી પછી નરસિમ્હા રાવની કોંગ્રેસ સરકાર હારી ગઈ અને અટલજીના નેતૃત્વમાં ભાજપની ૧૩ દિવસની સરકાર બની. અટલજીએ વડા પ્રધાન તરીકે શપથ લીધા પછી સૌથી પહેલો ફોન નરસિમ્હા રાવને કર્યો હતો અને તેમને મળવા ગયા હતા. અટલજી જ્યારે વિપક્ષમાં હતા ત્યારે પણ વડા પ્રધાન નરસિમ્હા રાવે દેશના પ્રતિનિધિ તરીકે અટલજીને સંયુક્ત રાષ્ટ્રમાં કાશ્મીર મુદ્દે ભારતનો પક્ષ રાખવા જીનીવા મોકલ્યા હતા. વિદેશી મીડિયા એ જોઈને દંગ રહી ગયું હતું કે વિપક્ષના નેતા દેશ વતી લડી રહ્યા છે!

મોરારજી દેસાઈ અને ઈન્દિરા ગાંધીનો કિસ્સો અજોડ છે. કટોકટી દરમિયાન ઈન્દિરા ગાંધીએ મોરારજી દેસાઈ સહિતના તમામ વિપક્ષી નેતાઓને જેલમાં પૂરી દીધા હતા. ૧૯૭૭માં જ્યારે જનતા પાર્ટી જીતી અને મોરારજી દેસાઈ વડા પ્રધાન બન્યા ત્યારે દેશમાં ભારે રોષ હતો. વડા પ્રધાન બન્યા પછી મોરારજી દેસાઈએ ઈન્દિરા ગાંધી પ્રત્યે કોઈ વ્યક્તિગત વેરભાવ ન રાખ્યો. તેમણે ઈન્દિરા ગાંધીની મુલાકાત લીધી અને સંસદીય પરંપરાઓ જાળવી રાખી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે લડાઈ નીતિઓની છે, વ્યક્તિઓની નહીં. વિપક્ષ એ શત્રુ નથી, પણ સત્તાપક્ષનો અરીસો છે. તામિલનાડુમાં વિજયે કે કેરળમાં સતીશને જે ચીલો પાડ્યો છે, તે વાસ્તવમાં ભારતના આ જ ગૌરવશાળી જૂના રાજકારણનું પુનરાવર્તન છે.

## રાજ્યોની વણઝાર

### કૌશિક મહેતા

**આવી સ્થિતિમાં સત્તાનું હસ્તાંતરણ થાય અને વિપક્ષની સાથે 'રાજકીય ગરિમા' કે 'સંસદીય શિષ્ટાચાર' જળવાય ત્યારે એમ લાગે કે આ જ સાચી લોકશાહી છે**

**કોક્રોચ જનતા પાર્ટી : ડીજીટલ પરપોટો કે પછી...**

લોકશાહીમાં સોશ્યલ મીડિયા પર ચાલી રહેલું 'કોક્રોચ જનતા પાર્ટી' આંદોલન આજના ડિજિટલ યુગમાં યુવાનોના આક્રોશ, વિરોધ અને અભિવ્યક્તિની રીતને સમજવા માટેનો એક બહુ મોટો કિસ્સો છે. જે ટ્રેન્ડ માત્ર થોડા જ દિવસોમાં ઈન્સ્ટાગ્રામ પર ૧ કરોડથી વધુ ફોલોઅર્સ વટાવી ગયો હોય અને દેશની શાસક પાર્ટી ભાજપના સત્તાવાર હેન્ડલ કરતાં પણ આગળ નીકળી ગયો હોય, તેને માત્ર એક સામાન્ય મીમ કે મજાક તરીકે ન જોવો જોઈએ. સુપ્રીમ કોર્ટની એક સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ તરફથી કથિત રીતે એવી ટિપ્પણી થઈ હતી કે, "કેટલાંક બેરોજગાર યુવાનો કોક્રોચ (વાંદા) જેવા છે, જેમને નોકરી નથી મળતી એટલે તેઓ સોશ્યલ મીડિયા કે આરટીઆઈ એક્ટિવિસ્ટ બનીને સિસ્ટમ પર હુમલો કરે છે." (જો કે બાદમાં કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે આ નિવેદન ખોટા સંદર્ભમાં રજૂ થયું છે અને તે માત્ર ફેક ડિગ્રીધારકો માટે હતું). પરંતુ, દેશના ડિજિટલ યુવાનો (Gen-Z) ને આ સરખામણી ખૂંચી ગઈ. પુણેના એક પોલિટિકલ કમ્યુનિકેશન સ્ટ્રેટેજીસ્ટ અભિજીત દીપકેએ કટાક્ષમાં 'કોક્રોચ જનતા પાર્ટી'ની જાહેરાત કરી દીધી કે,"જો સિસ્ટમ આપણને કોક્રોચ ગણતી હોય, તો ચાલો આપણે બધા કોક્રોચ ભેગા થઈએ." દુનિયાભરમાં જ્યારે પણ જનતા સીધી રીતે સિસ્ટમ સામે નથી લડી શકતી ત્યારે તે હાસ્ય અને કટાક્ષને શસ્ત્ર બનાવે છે. આ હાસ્યની પાછળ દેશનાં યુવાનોમાં રોજગારીની તકોને લઈને રહેલી સુષુપ્ત હતાશા છુપાયેલી છે.

આ આંદોલનની લોકપ્રિયતા એટલી ઝડપથી વધી કે તાજેતરમાં જ તેનું એક્સ એકાઉન્ટ ભારતમાં કાયદાકીય માંગણી હેઠળ બ્લોક કરી દેવાયું છે.

આ માત્ર એક 'વર્ચ્યુઅલ બબલ' (ડિજિટલ પરપોટો) છે? ઈન્સ્ટાગ્રામ પર ફોલોઅર્સ વધારવા કે ડિજિટલ મીમ્સ શેર કરવા ખૂબ સરળ છે, પણ તેનાથી વાસ્તવિક જમીની રાજકારણમાં કે ચૂંટણીનાં પરિણામોમાં કોઈ ફેર પડતો નથી. આ ટ્રેન્ડ થોડા દિવસોમાં શું શાંત થઈ જશે? આ એક દૃષ્ટિકોણ છે.

બીજો દૃષ્ટિકોણ એ છે કે, આ આંદોલન દેશના યુવાનોના મનની સ્થિતિનો અરીસો છે. તે બતાવે છે કે આજનો યુવાન રોજગાર, પેપર લીક અને નેતાઓની માનસિકતાથી અંદરથી નારાજ છે. જો આ નારાજગીને પરંપરાગત મીડિયા કે સંસદમાં જગ્યા ન મળે, તો તે સોશ્યલ મીડિયા પર આ પ્રકારે 'વિસ્ફોટક' સ્વરૂપે બહાર આવે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ભ્રષ્ટાચાર ચરમસીમાએ

કાયદાઓની નબળાઈમાં પરિણામે ભ્રષ્ટાચારનો ગ્રાફ નિરંતર વધી રહ્યો છે.હાલમાં જ કાલુપુર રેલવે સ્ટેશન પર 80 હજારનો પગારદાર કલાર્ક રૂા. 100ની લાંચ લેતાં પકડાયો હતો. જ્યારે અન્ય એક કિસ્સામાં પાટણ જિલ્લામાં 52 હજારનો પગારદાર તલાટી કોન્ટ્રાક્ટર પાસેથી રૂા. 70 હજારની લાંચ લેતાં ઝડપાયો હતો.આવા ભ્રષ્ટાચારના અનેક કિસ્સાઓ રોજના બની રહ્યા છે.દેશમાં-ભ્રષ્ટાચાર, બેરોજગારી, મોંઘવારી અને ગરીબી દેશ અર્થતંત્રને ઉધઈની જેમ ખાઈ રહી છે.

**સુરત - રાજુ રાવલ**

## આ છે આપણા સેવક

હાલમાં 2026ની પશ્ચિમી બંગાળની ચૂંટણી સમાપ્ત થઈ એમાં ચૂંટાયેલા વિજેતા ઉમેદવારોનામાં દર્શાવેલ માહિતી મુજબ કુલ 212 ધારાસભ્યોમાંથી (1) 190 (65%)સામે ગુનાહીત કેસો નોંધાયેલા છે. (2) 58% ધારાસભ્યો સામે હત્યાનો પ્રયાસ તેમજ મહિલા વિરુદ્ધ ગંભીર ગાના નોંધાયેલ છે. (3) અન્ય ધારાસભ્યો 61 % જેઓ કરોડપતિ છે જેની સંપતિ રૂ. 3.63 કરોડ દર્શાવેલ છે. સાથે આપણા સેવક, અને કળી સેવા કરશે તે આ ઉજાગર થયેલ માહિતી બતાવે છે. નાના ગુના આચરનાર નિર્દોષ જાહેર થાય છે. જ્યારે આવા વ્યક્તિઓ બિંદાસ્ત રહે છે અને સેવક તરીકે ચૂંટાઈ આવે છે. આ છે આપણું ચૂંટણીતંત્ર લોકશાહીમાં લોકસભામાં ચૂંટાયેલ સદસ્ય, વિપક્ષો સહિત આવી વ્યક્તિ ચૂંટણી લડી ન શકે એવું બિલ લાવી કાયદો કેમ બનાવતો નહિ? આમને આમ જ ચાલતુ રહ્યું તો મેરા ભારત મહાન રહી શકશે?

**અમરોલી, સુરત - બળવંત ટેલર**

## શાકભાજીના છોડા

ટીપે ટીપે સરોવર ભરાય એ જ પ્રમાણે જો આપણે સૌ મળીને જો પ્રયત્ન કરીશું તો લાભ-શુભ શબ્દની જેમ ડબલ ફાયદો થશે. દ્રષ્ટાંત સ્વરૂપે જોઈએ તો શાકભાજીના છોડા. ભર ઉનાળામાં આ સરળ પણ છે. એ છોડાઓને કચરામાં ફેંકવાને સ્થાને ભેગા કરી તડકે સુકવીશું તો કચરાનું એટલું વજન ઓછું થશે અને છોડા સુકાતાં એનો ખાતર તરીકે ઉપયોગ પણ થઈ શકશે. સંભવ છે આ વાત આપણને વેદિયાવેડા લાગે, પરંતુ એવું નથી. વર્તમાન પેઢી - ઝેન જી આવા વિષયોમાં ઘણી જ સક્રિય છે. માત્ર આટલું જ નહીં તેઓમાં આ અલ્ટ્રા ફેશન પણ છે, કેમ કે જૈવિક ખાતરનો ગજબ શો ક્રેજ ચાલે છે. વળી પર્યાવરણની સમસ્યાને કારણે ઘરમાં વિવિધ છોડ પણ ઉગાડવા આવશ્યક છે, જેને માટે આ ઘરમાં તૈયાર કરેલું ખાતર ઉપયોગી થઈ પડશે. હા, આને માટે પધ્ધતિસર કામ કરવું પડશે. જેમકે સૌ પ્રથમ છોડા એક નંબરની થેલી (કાપડની હોય તો વધુ સારૂ) માં પહેલે દિવસે. પછી જ્યારે બીજા છોડા નીકળે ત્યારે એ બીજી થેલીમાં ખાલવવા અને નવા છોડા આ એક નંબર ની થેલીમાં ભરવા અને આ સિલ-સિલો ચાલુ રાખવો. જો કે આ જરા અઘરું તો છે પરંતુ આવા "નાના નાના ટીપા એક સરોવર રૂપી મોટું સામાજિક કાર્ય થશે. આ વાત એક ટી.વી. ચેનલ પર જોયા પછી "પત્ર" લખ્યો છે.

**સૂરત - ચેતન સુશીલ જોષી**

## દેશ આર્થિક સંકટમાં-વડા પ્રધાનનું લોકોને સંબોધન

દેશ જ્યારે આર્થિક સંકટમાં સપડાયો હોય, નબળી પડતી જતી દેશની આર્થિક પરિસ્થિતિમાં પરદેશી રોકાણકારો એમના પૈસા પાછા ખેંચી લેતા હોય ત્યારે દેશના મુખ્યા દ્વારા કરકસરના પગલાં લેવા માટે લોકોને જણાવવામાં આવે એ યોગ્ય જ નહીં પરંતુ જરૂરી છે એટલુ જ નહીં પરંતુ લોકોએ દેશહિતમાં પ્રધાનમંત્રીના સૂચનને યોગ્ય પ્રતિસાદ આપવો જ જોઈએ. પરંતુ અહીં એ સવાલ ઊભો થાય છે કે દેશમાં આર્થિક કટોકટી ઓચિંતી બે દિવસ પહેલાં જ આવી પડી? બિહાર સહિત ત્રણ રાજ્યો અને એક યુનિયન ટેરીટરીની ચૂંટણી કે જેમાં પુષ્કળ પેટ્રોલ ફુંકાયું, ધૂમ ખર્ચો થયો અને લોકોને આર્થિક લ્હાણીનાં વચનો અપાયાં એ દરમિયાન શું દેશ આર્થિક કટોકટીમાં નહોતો? ત્યારે શું પેટ્રોલની કોઇ તંગી નહોતી? સોમનાથ મંદિરની પંચોતેરમી વર્ષગાંઠ પ્રસંગની સેંકડો લોકોની હાજરીમાં ધામધૂમથી ઉજવણી કરી ત્યારે આ આર્થિક કટોકટીની કોઇ શક્યતા નહોતી? આજની દેશની કટોકટી મોટી હોવાની પૂરી શક્યતા છે ત્યારે લોકોએ તો ઈચ્છા-અનિચ્છાએ પણ એમનો ખર્ચ ઓછો કરવો જ પડશે પરંતુ દેશનાં લોકોનું પ્રતિનિધિત્વ કરતાં કહેવાતાં લોકસેવકો પાસે આ બાબતે દાખલો બેસાડવાની અપેક્ષા લોકો રાખી શકે ખરા? સવાલ તો આવા અનેક છે, જવાબ તો સમય જ આપશે. વડા પ્રધાનશ્રી તો લોકોને કરકસર કરવાની સલાહ આપી પંદરમી તારીખથી પાંચ દિવસની વિદેશયાત્રાએ નીકળી જવાના છે. એમની હાજરી-ગેરહાજરીમાં દેશ તો આપણા જેવા સામાન્ય લોકોએ સાચવવાનો છે ને.

**સુરત - હિતેન્દ્ર ભટ્ટ**

## લોકશાહીમાં 'ફ્રી પ્રેસ'ના સવાલો કેમ જરૂરી?

તાજેતરમાં એક વીડિયોમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે નૉર્વેમાં એક પત્રકારે ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીને "ફ્રી પ્રેસ" તરફથી પ્રશ્ન લેવા વિનંતી કરી હતી અને આ ઘટનાને અસામાન્ય તથા મહત્ત્વપૂર્ણ તરીકે રજૂ કરવામાં આવી છે. લોકશાહીમાં *મુક્ત અને નિર્ભય પત્રકારિતા (Free Press)* માત્ર મીડિયા માટેનો અધિકાર નથી, પરંતુ દરેક નાગરિકના માહિતી મેળવવાના અધિકારનો આધારસ્તંભ છે. સરકાર, નેતાઓ અને જાહેર સંસ્થાઓને પ્રશ્ન પૂછવા એ પત્રકારિતાનો ધર્મ છે, કારણ કે જવાબદારી અને પારદર્શિતા ત્યાંથી જ મજબૂત બને છે. કોઈ પણ દેશના નેતા માટે કઠિન પ્રશ્નોનો સામનો કરવો લોકશાહી પ્રક્રિયાનો એક સ્વાભાવિક ભાગ છે. આને વિવાદ કે અપમાન તરીકે નહીં, પરંતુ *જવાબદાર શાસન (Accountable Governance)* ની નિશાની તરીકે જોવું જોઈએ. સાથે જ, સોશ્યલ મીડિયા પર ફરતા આવા વીડિયો અથવા દાવાઓને આંખ મીંચીને સ્વીકારવાને બદલે, તેની *સત્યતા, પરિસ્થિતિ અને મૂળ સ્રોત* ચકાસવાની જવાબદારી પણ આપણી છે. અધૂરી માહિતી કે સંદર્ભ વગરના વિડિયો સમાજમાં ગેરસમજ અને અનાવશ્યક વિભાજન ઊભું કરી શકે છે. ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે. લોકશાહીની મજબૂતી માત્ર ચૂંટણીથી નહીં, પરંતુ *સ્વતંત્ર મીડિયા, જાગૃત નાગરિકો અને જવાબદાર સંવાદ* થી માપવામાં આવે છે. તો ચાલો, વ્યક્તિપૂજા કે રાજકીય પક્ષપાતથી ઉપર ઊઠીને લોકશાહીનાં મૂલ્યો–*સત્ય, પારદર્શિતા, જવાબદારી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા*–ને પ્રાથમિકતા આપીએ. *"મજબૂત લોકશાહી ત્યાં બને છે, જ્યાં પ્રશ્ન પૂછવાનો ડર નથી અને જવાબ આપવાની જવાબદારી છે."

**સુરત - આશિષ ટેલર**

## કૂતરાનું ન્યુસન્સ આસાનીથી દૂર થઈ શકે

આપણા શહેરમાં કૂતરાંઓનું જે ન્યુસન્સ છે તેને દૂર કરવું હોય તો એક અત્યંત આસાન રસ્તો છે.એ રસ્તો અપનાવો તો તમારે કૂતરાંઓને મારવાની જરૂર જ નહીં પડે અને કૂતરાંઓની વસ્તી ન વધે તે માટે દરેક કૂતરાંઓનું ખસીકરણ આવશ્યક થઈ જાય. એ રસ્તો છે તે એ છે કે જેમ ગાય અને ભેંસને એક જગ્યાએ ઢોરવાડામાં રાખવામાં આવે છે તેમ કૂતરાંઓને પકડી પકડીને એવી એક જગ્યા રાખીને ત્યાં રાખો. સુરત મ્યુ.કોર્પો.પાસે તે માટે જમીન આસાનીથી ઉપલબ્ધ થઈ શકે તેમ છે.જુદા જુદા વિસ્તારોને અનુલક્ષીને આવા ચાર-પાંચ સ્થળો નક્કી કરી આ અત્યંત સહેલાઈથી અપનાવી શકાય એવો રસ્તો છે. જો તેમ થાય તો ઉપર લખ્યું છે તેમ શહેરભરમાંથી કૂતરાંઓનું ન્યુસન્સ તો દૂર થશે જ પણ કૂતરાંઓની વસતી વધતી પણ અટકી જશે પરિણામે જે જે જગ્યાઓ ઉપલબ્ધ કરી હશે તે પણ પછી એક સમયે મુક્ત થઈ જશે. સૌથી મોટો પ્રશ્ન છે તેના અમલીકરણનો.આશા રાખીએ સુરત મ્યુ.કોર્પો.આ બાબત પર ધ્યાન આપી ઘટતું કરશે.

**સુરત - સુરેન્દ્ર દલાલ**

## ગુજરાતી માતૃભાષા વિસારતિ લાગે છે

દરેક પ્રદેશની જાતિના લોકો, પોતાની માતૃભાષા સદા જીવંત રહે એને માટે પ્રયત્નશીલ રહે છે. જ્યાર થી બાળક ને ક્યા માધ્યમ માં ભણાવવું એની ઘેલછા ચાલી, એમાં અંગ્રેજી માધ્યમ માં પોતાના બાળકોને પ્રવેશ અપાવનારા વાલીઓની બહુમતી ને કારણે આપણા જ શહેર ની અનેક વર્ષો જુની પ્રતિષ્ઠિત ગુજરાતી માધ્યમ ની શાળાઓ નો મૃત્યુઘંટ વાગી ગયો. શ્રી.ગુણવંત શાહ ની કહેલી વાત યાદ આવે છે.એમનુ કહેવું છે કે, અંગ્રેજી માધ્યમ ની શાળા માં ગુજરાતી વિષય ના શિક્ષક શ્રેષ્ઠ હોવા જોઈએ અને ગુજરાતી માધ્યમ ની ની શાળા માં અંગ્રેજી શિખવનાર શ્રેષ્ઠ હોવા જોઈએ.

**સુરત - ભુપેન્દ્ર રાયજી**